रजिस्ट्री संख्या जी/जीअेनआर/2

REGISTERED NO. G/GNR/2

રજિસ્ટર નંબર જી/જીએનઆર/૨

# भारत का राजपत्र
# The Gazette of India
# ભારતનું રાજપત્ર

असाधारण

**EXTRAORDINARY**

અસાધારણ

भाग–8 खण्ड–1

**PART VIII Section 1**

ભાગ ૮ વિભાગ-૧

प्राधिकार से प्रकाशित

**PUBLISHED BY AUTHORITY**

અધિકારથી પ્રકાશિત

सं. 2] नई दिल्ली शुक्रवार, 21 दिसम्बर, 1984 / 14, मार्गशीर्ष, 1906 (शक) [खण्ड–1

No. 2] NEW DELHI, FRIDAY, 21 DECEMBER, 1984/14, MARGSHIRSHA, 1906 (SAKA) [VOL–1

અંક ૨] નવી દિલ્હી, શુક્રવાર, ૨૧ ડિસેમ્બર, ૧૯૮૪/૧૪, માગશર, ૧૯૦૬ (શક) [વોલ્યુમ-૧

इस भाग में भिन्न पृष्ठ संख्या दी जाती हैं, जिससे कि यह अलग संकलन के रूप में रखा जा सके ।

**Separate paging is given to this part in order that it may be filed as a separate compilation.**

આ ભાગને અલગ પાના નંબર આપેલ છે, જેથી તે અલગ સંગ્રહ તરીકે ફાઈલ કરી શકાશે.

विधि, न्याय और कंपनी कार्य मंत्रालय

(विधायी विभाग )

नई दिल्ही, 21 दिसम्बर, 1984 / 14 मार्गशीर्ष, 1906 (शक)

(1) दि गवर्न्मेन्ट मेनेजमेन्ट ओफ प्राईवेट एस्टेट एकट, 1892 (सन 1892 का 10), (2) दि ग्लेन्डर्स एन्ड फार्सी एकट, 1899 (सन 1899 का 13), (3) दि रजिस्ट्रेशन ओफ फोरेनर्स एकट, 1939 (सन 1939 का 16), (4) दि आबाँट्रेशन (प्रोटोकोल एन्ड कन्वेन्शन) एकट, 1937 (सन 1937 का 6), और (5) दि एसेन्शियल कोमोडिटिस एकट, 1955 (सन 1955 का 10); के निम्नलिखित गुजराती अनुवाद राष्ट्रपति के प्राधिकार से प्रकाशित किये जाते है और प्राधिक्रत अनुवाद (केन्द्रीय विधि) अधिनियम, 1973 (सन 1973 का 50) की धारा 2 के खंड (क) के अधीन ये गुजराती भाषामें उनके प्राधिक्रत अनुंवाद समझे जाऐंगे ।

## MINISTRY OF LAW, JUSTICE AND COMPANY AFFAIRS
(LEGISLATIVE DEPARTMENT)

New Delhi, dated 21st December, 1984/14 **Margshirsha**, 1906 (Saka)

The Translations in Gujarati of the following Acts, namely:—

(1) The Government Management of Private Estate Act, 1892 (10 of 1892), (2) The Glanders and Farcy Act, 1899 (13 of 1899), (3) The Registration of Foreigners Act, 1939 (16 of 1939), (4) The Arbitration (Protocol and Convention) Act, 1937 (6 of 1937), and (5) The Essential Commodities Act, 1955 (10 of 1955) are hereby published under the authority of the President and shall be deemed to be the authorised translations thereof in Gujarati under clause (a) of section 2 of the Authorised Translations (Central Laws) Act, 1973 (50 of 1973).

## વિધિ, ન્યાય અને કંપની કાર્ય મંત્રાલય
(વિધાયી વિભાગ)

નવી દિલ્હી, ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૪/૧૪, માર્ગશીર્ષ, ૧૯૦૬ (શક)

નીચેના અધિનિયમોનું, એટલે કે (૧) ધી ગવર્મેન્ટ મેનેજમેન્ટ ઓફ પ્રાઈવેટ એસ્ટેટ એક્ટ, ૧૮૯૨ (સન ૧૮૯૨નો ૧૦મો), (૨) ધી ગ્લેન્ડર્સ એન્ડ ફાર્સી એક્ટ, ૧૮૯૯ (સન ૧૮૯૯નો ૧૩મો), (૩) ધી રજિસ્ટ્રેશન ઓફ ફોરેનર્સ એક્ટ, ૧૯૩૯ (સન ૧૯૩૯નો ૧૬મો), (૪) ધી આર્બીટ્રેશન (પ્રોટોકોલ એન્ડ કન્વેન્શન) એક્ટ, ૧૯૩૭ (સન ૧૯૩૭નો ૬ઠ્ઠો), અને (૫) ધી એસેન્શિયલ કોમોડિટિઝ એક્ટ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો ૧૦મો) નું નીચેનું ગુજરાતી ભાષાંતર આથી રાષ્ટ્રપતિના પ્રાધિકાર હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને અધિકૃત ભાષાંતરો (કેન્દ્રીય કાયદા) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩નો અધિનિયમ ક્રમાંક ૫૦)ની કલમ ૨ના ખંડ (ક) હેઠળ તે, તેનું અધિકૃત ગુજરાતી ભાષાંતર છે એમ ગણાશે:—

સૂચિ

INDEX


| અધિનિયમનું નામ<br>Name of the Act | પૃષ્ઠાંક<br>Page No |
|---|---|
| ૧. ખાનગી એસ્ટેટ સરકારી વહીવટ અધિનિયમ, ૧૮૯૨. (સન ૧૮૯૨નો ૧૦ મો) ... ... ... | |
| 1. The Government Management of Private Estate Act, 1992 (10 of 1892) .. .. | 107 |
| ૨. ગ્લેન્ડર્સ અને ફાર્સી અધિનિયમ, ૧૮૯૯. (સન ૧૮૯૯નો ૧૩મો) ... ... ... | |
| 2. The Glanders and Farcy Act, 1899 (13 of 1899) .. .. .. .. | 110 |
| ૩. વિદેશી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૩૯. (સન ૧૯૩૯નો ૧૬મો) ... ... ... | |
| 3. The Registration of Foreigners Act, 1939 (16 of 1939) .. .. .. | 114 |
| ૪. લવાદી (પ્રોટોકોલ અને કન્વેન્શન) ... ... ... ... અધિનિયમ, ૧૯૩૯(સન ૧૯૩૯નો ૬ઠ્ઠો.) ... ... ... | |
| 4. The Arbitration (Protocol and Convention) Act, (6 of 1937) .. .. .. | 117 |
| ૫. આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, ૧૯૫૫. ( સન ૧૯૫૫નો ૧૦મો ) ... ... ... | |
| 5. The Essential Commodities Act, 1955 (10 of 1955) .. .. .. | 124 |

## આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, ૧૯૫૫.

### અનુક્રમણિકા

કલમ

૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.
૨. વ્યાખ્યા.
૩. આવશ્યક ચીજ-વસ્તુઓનાં ઉત્પાદન, પુરવઠા, વહેંચણી વગેરે ઉપર નિયંત્રણ મૂકવાની સત્તા.
૪. રાજ્ય સરકારો, વગેરે ઉપર ફરજો નાંખવા બાબત
૫. સત્તાની સોંપણી.
૬. બીજા અધિનિયમનો સાથે અસંગત હોય તેવા હુકમોની અસર.
૬-ક. આવશ્યક ચીજ-વસ્તુ જપ્ત કરવા બાબત.
૬-ખ. આવશ્યક ચીજ-વસ્તુ જપ્ત કરવામાં આવે તે પહેલાં કારણ દર્શાવવા માટેની નોટિસ કાઢવા બાબત.
૬-ગ. અપીલ.
૬-ઘ. જપ્તીના નિર્ણયથી બીજી શિક્ષાને બાધ ન આવવા બાબત.
૬-ચ. અમુક બાબતોમાં હકૂમતને બાધ.
૭. શિક્ષા.
૮. કોશિશ અને દુષ્પ્રેરણ.
૯. ખોટાં કથનો
૧૦. કંપનીઓએ કરેલા ગુના.
૧૦-ક ગુના પોલીસ અધિકારના અને જામીન લઈ શકાય તેવા ગણવા બાબત.
૧૦-ખ. આ અધિનિયમ હેઠળ દોષિત ઠરેલી કંપનીઓના નામ, ધંધાના સ્થળ વગેરે પ્રસિધ્ધ કરવાની ન્યાયાલયની સત્તા.
૧૦-ગ. ગુનાહિત માનસિક સ્થિતિનું અનુમાન.
૧૧. ગુનાની વિચારણા.
૧૨. દંડ સંબંધી ખાસ જોગવાઈ.
૧૨-ક. ખાસ ન્યાયાલયની રચના.
૧૨-કક. ખાસ ન્યાયાલયો દ્વારા ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેવા ગુનાઓ.
૧૨-કખ. અપીલ અને ફેરતપાસ.
૧૨-કગ. ખાસ ન્યાયાલય સમક્ષની કાર્યવાહીને અધિનિયમ લાગુ પાડવા બાબત.
૧૨-ખ. દીવાની ન્યાયાલયોએ મનાઈ હુકમ વગેરે આપવા બાબત.
૧૩. હુકમો વિષે માની લેવાની બાબત.
૧૪. અમુક બાબતોમાં સાબિતીનો બોજો.
૧૫. અધિનિયમ હેઠળ લીધેલાં પગલાં માટે રક્ષણ.
૧૫-ક. રાજ્ય સેવકો ઉપર ફોજદારી કામ ચલાવવા બાબત.
૧૬. રદ કરવા બાબત અને અપવાદ.

# આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, ૧૯૫૫

(સન ૧૯૫૫નો અધિનિયમ ક્રમાંક ૧૦)

[ સન ૧૯૮૪ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અમલમાં હોય તે પ્રમાણે. ]

[૧લી એપ્રિલ, ૧૯૫૫]

લોકોના હિતમાં અમુક ચીજ-વસ્તુઓનાં ઉત્પાદન, પુરવઠા અને વહેંચણી ઉપર તેમજ તેના વેપાર અને વાણિજ્ય ઉપર નિયંત્રણ મૂકવા માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

સંસદ, ભારતના ગણરાજ્યના છઠ્ઠા વર્ષમાં નીચેનો અધિનિયમ કરે છે :—

૧. (૧) આ અધિનિયમ, 'આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, ૧૯૫૫' કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

(૨) તે સમગ્ર ભારતને લાગુ પડે છે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,— વ્યાખ્યા.

સન ૧૯૭૪નો ૨જો.

(૧-ક) "અધિનિયમ" એટલે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩;

(૨-ક) "કલેક્ટર" એ શબ્દમાં વધારાના કલેક્ટરનો અને આ અધિનિયમ હેઠળ કલેક્ટરનાં કાર્યો બજાવવા અને તેની સત્તા વાપરવા માટે કલેક્ટર અધિકૃત કરે તેવા પેટા-વિભાગીય અધિકારીથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા બીજા અધિકારીનો સમાવેશ થાય છે;

(ક) "આવશ્યક ચીજ-વસ્તુ" એટલે નીચેના પ્રકારની કોઈપણ ચીજ-વસ્તુઓ :—

(૧) ઢોર માટે ઘાસચારો, ખોળ અને બીજાં ખાણ સહિત;

(૨) કોક અને તેમાંથી ઉત્પન્ન થતા પદાર્થો સહિત કોલસો;

(૩) ઓટોમોબાઈલ્સના અંગભૂત ભાગો અને ઉપસાધનો;

(૪) સુતરાઉ અને ગરમ કાપડ;

(૪-ક) ઔષધો;

સન ૧૯૪૦નો ૨૩મો.

સ્પષ્ટીકરણ.—આ પેટા-ખંડમાં, "ઔષધ"નો અર્થ "ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ, ૧૯૪૦"ની કલમ ૩ના ખંડ (ખ)માં જે અર્થ કર્યો છે તે જ થશે;

(૫) ખાદ્ય તેલીબિયાં અને તેલો સહિત, ખાદ્ય પદાર્થો;

(૬) લોખંડ અને પોલાદમાંથી બનાવેલી વસ્તુઓ સહિત, લોખંડ અને પોલાદ;

(૭) ન્યુઝપ્રિન્ટ, પેપર-બોર્ડ અને સ્ટ્રો-બોર્ડ સહિત કાગળ;

---

૧. આવશ્યક ચીજ-વસ્તુ (ખાસ જોગવાઈઓ) બાબતના અધિનિયમ, ૧૯૮૧ (સન ૧૯૮૧ના ૧૮મા)ની કલમ ૨થી નીચેની જોગવાઈ કરવામાં આવી છે:—

"૨. આ અધિનિયમ અમલમાં ચાલુ રહે તે દરમ્યાન, આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (જેનો આમાં હવે પછી, મુખ્ય અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩ થી ૧૧માં નિર્દિષ્ટ કરેલા સુધારાઓને અધીન રહીને અમલમાં આવશે: હંગામી મુદત માટે કેટલીક ખાસ જોગવાઈઓને આધીન રહીને સન ૧૯૫૫નો ૧૦મો અધિનિયમ અમલમાં લાવવા બાબત.

પરંતુ કલમો ૭ થી ૧૧માં નિર્દિષ્ટ કરેલા સુધારા મુખ્ય અધિનિયમ હેઠળ આ અધિનિયમના આરંભ પહેલાં થયેલા કોઈ ગુનાને અથવા તેના સંબંધમાં લાગુ પડશે નહિ અને મુખ્ય અધિનિયમની જોગવાઈઓ, જાણે કે આવા સુધારા કરવામાં આવ્યા ન હોય તેમ, એવા ગુનાને અથવા તેના સંબંધમાં લાગુ પડશે.".

(૮) પેટ્રોલિયમ અને પેટ્રોલિયમની બનાવટો;

(૯) લોઢેલું અથવા લોઢયા વગરનું કાચું રૂ અને કપાસિયા;

(૧૦) કાચું શણ;

(૧૧) જે ચીજ-વસ્તુના સંબંધમાં, સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૩ની નોંધ ૩૩ની રૂએ સંસદને કાયદા કરવાની સત્તા હોય તેવી, કેન્દ્ર સરકારે રાજપત્રમાં જાહેર કરેલા હુકમથી આ અધિનિયમના હેતુ માટે આવશ્યક ચીજ-વસ્તુ તરીકે જાહેર કરેલી કોઈપણ પ્રકારની ચીજ-વસ્તુ;

(ખ) "અનાજનો પાક" એ શબ્દોમાં શેરડીના પાકનો સમાવેશ થાય છે;

(ગ) "જાહેર કરેલો હુકમ" એટલે રાજપત્રમાં જાહેર કરેલો હુકમ;

(ગગ) "હુકમ"માં તે હેઠળ કાઢેલા આદેશનો સમાવેશ થાય છે;

(ઘ) સંઘ પ્રદેશના સંબંધમાં "રાજ્ય સરકાર" એટલે સંઘ પ્રદેશના એડમિનિસ્ટ્રેટર;

(ચ) "ખાંડ" એટલે—

(૧) નેવું ટકાથી વધારે સુક્રોઝવાળી કોઈપણ પ્રકારની ખાંડ, ખડી સાકર સહિત;

(૨) ખાંડસરી અથવા ખાંડનું બુરું અથવા દળેલી ખાંડ અથવા ક્રીસ્ટલ અથવા ભુકીના રૂપમાં ખાંડ; અથવા

(૩) વેક્યુમ પાન સુગર ફેક્ટરીમાં જેના ઉપર પ્રક્રિયા થતી હોય તેવી ખાંડ અથવા તેમાંથી બનાવેલી કાચી ખાંડ.

(છ) આ અધિનિયમમાં વપરાયેલા પરંતુ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા અને અધિનિયમમાં જેની વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અનુક્રમે તે અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

**આવશ્યક ચીજ-વસ્તુઓનાં ઉત્પાદન, પુરવઠા, વહેંચણી, વગેરે ઉપર નિયંત્રણ મૂકવાની સત્તા.**

૩. (૧) કોઈ આવશ્યક ચીજ-વસ્તુનો પુરવઠો જાળવવા અથવા વધારવા માટે અથવા તેની ન્યાયી વહેંચણી કરવા માટે અને તે વાજબી કિંમતે મળી શકે તે માટે અથવા ભારતના સંરક્ષણ માટે અથવા લશ્કરી પ્રવૃત્તિઓના કાર્યક્ષમ સંચાલન માટે કોઈ આવશ્યક ચીજવસ્તુ મેળવવા, તેનાં ઉત્પાદન, પુરવઠા અને વહેંચણી અને તેના વેપાર તેમજ વાણિજ્ય ઉપર નિયમન કરવા અથવા તેના ઉપર પ્રતિબંધ મૂકવા માટે જોગવાઈ કરવી જરૂરી અથવા ઈષ્ટ છે એવો કેન્દ્ર સરકારનો અભિપ્રાય થાય તો, કેન્દ્ર સરકાર, હુકમ કરીને તેમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, તે હેઠળ કરેલા હુકમમાં નીચેની બાબતો માટે જોગવાઈ કરી શકાશે—

(ક) કોઈ આવશ્યક ચીજ-વસ્તુનાં ઉત્પાદન અથવા બનાવટનું લાઈસન્સ કે પરમિટથી અથવા બીજી રીતે નિયમન કરવા માટે;

(ખ) કોઈ મકાન સાથે સંલગ્ન હોય કે ન હોય તેવી પડતર અથવા ખેડાણ જમીનમાં વાવેતર કરવા માટે, સામાન્યત: અનાજનો પાક અથવા નિર્દિષ્ટ અનાજનો પાક તેના ઉપર ઉગાડવા માટે અને સામાન્યત: અનાજના પાક અથવા નિર્દિષ્ટ અનાજના પાક અન્યથા જાળવવા માટે અથવા તેનું વાવેતર વધારવા માટે;

(ગ) આવશ્યક ચીજ-વસ્તુ ખરીદવાની કે વેચવાની કિંમત ઉપર નિયંત્રણ મૂકવા માટે;

(ઘ) કોઈ આવશ્યક ચીજ-વસ્તુનાં સંગ્રહ, હેરફેર, વહેંચણી, નિકાલ, પ્રાપ્તિ, ઉપયોગ અથવા વપરાશનું લાઈસન્સ કે પરમિટથી અથવા બીજી રીતે નિયમન કરવા માટે;

(ચ) સામાન્યત: વેચાણ માટે રાખવામાં આવતી આવશ્યક ચીજ-વસ્તુનું વેચાણ થતું અટકાવવા ઉપર પ્રતિબંધ મૂકવા માટે;

(છ) આવશ્યક ચીજ-વસ્તુનો સ્ટોક ધરાવનાર અથવા તેના ઉત્પાદનનું અથવા તે ખરીદવાનું કે વેચવાનું કામ કરતી વ્યક્તિને—

(ક) પોતાની પાસે સ્ટોકમાં હોય અથવા પોતે ઉત્પાદન કર્યું હોય અથવા પ્રાપ્ત કર્યો હોય તેવો પૂરેપૂરો જથ્થો અથવા તેનો નિર્દિષ્ટ ભાગ; અથવા

(ખ) પોતે ઉત્પાદન કરવાનો અથવા પોતાને પ્રાપ્ત થવાનો સંભવ હોય તેવી કોઈ ચીજ-વસ્તુની બાબતમાં, જ્યારે તેવી ચીજ-વસ્તુનું પોતે ઉત્પાદન કરે અથવા તે પોતાને પ્રાપ્ત થાય ત્યારે, તે પૂરેપૂરી અથવા તેનો નિર્દિષ્ટ ભાગ;

કેન્દ્ર સરકારને અથવા કોઈ રાજ્ય સરકારને અથવા તેવી સરકારના અધિકારી અથવા એજન્ટને અથવા એવી સરકારની માલિકીના કે તેના નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશનને અથવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓના વર્ગને તેવા સંજોગોમાં વેચવાની ફરજ પાડવા માટે;

સ્પષ્ટીકરણ ૧.—અનાજ, ખાદ્ય તેલીબિયાં અથવા ખાદ્યતેલોના સંબંધમાં આ ખંડ હેઠળ કરેલા કોઈ હુકમથી સંબંધિત વિસ્તારમાં તે અનાજ, ખાદ્ય તેલીબિયાં અને ખાદ્યતેલોના અંદાજેલા ઉત્પાદનને ધ્યાનમાં લઈને તે વિસ્તારમાં ઉત્પાદકોએ વેચવાનો જથ્થો નિયત કરી શકાશે અને ઉત્પાદકોએ ધરાવેલો અથવા વાવેતર હેઠળનો એકંદર વિસ્તાર ધ્યાનમાં લઈને કક્ષા પ્રમાણે પણ તે જથ્થો નિયત કરી શકાશે અથવા તેમ કરવા માટેની જોગવાઈ કરી શકાશે.

સ્પષ્ટીકરણ ૨.—આ ખંડના હેતુ માટે વ્યાકરણી રૂપાંતરો અને સમૂલીય શબ્દો સહિત "ઉત્પાદન" એ શબ્દમાં ખાદ્યતેલો અને ખાંડની બનાવટનો સમાવેશ થાય છે;

(જ) ખાદ્યપદાર્થો અથવા સુતરાઉ કાપડ સંબંધી કોઈપણ પ્રકારના વાણિજિયક અથવા નાણાંકીય સોદા, જે હુકમ કરનાર અધિકારીના અભિપ્રાય મુજબ જાહેર હિતને હાનિકારક હોય અથવા જેનું નિયમન કરવામાં ન આવે તો, હાનિકારક થવાનો સંભવ હોય તેવા સોદાનું નિયમન કરવા અથવા તેના ઉપર પ્રતિબંધ મૂકવા માટે;

(ઝ) ઉપર્યુક્ત કોઈ બાબતનું નિયમન કરવાના અથવા તેના ઉપર પ્રતિબંધ મૂકવાના ઉદ્દેશથી કોઈ માહિતી કે આંકડા એકઠા કરવા માટે;

(ટ) કોઈ આવશ્યક ચીજ-વસ્તુનાં ઉત્પાદન પુરવઠા, અથવા વહેંચણીમાં અથવા તેના વેપાર અને વાણિજ્યનું કામ કરતી વ્યક્તિઓને, તેમના ધંધાને લગતા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા ચોપડા, હિસાબ અને રેકર્ડ રાખવાનું અને તેની તપાસણી માટે તે રજૂ કરવાનું અને તે અંગેની માહિતી પૂરી પાડવાનું ફરમાવવા માટે;

(ટટ) લાઈસન્સો, પરમિટો અથવા બીજા દસ્તાવેજો આપવા અથવા કાઢી આપવા માટે, તે અંગે ફી લેવા માટે, તેવા કોઈ લાઈસન્સ, પરમિટ અથવા બીજા દસ્તાવેજની શરતોના રીતસર પાલન માટે જામીનગીરી તરીકે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે રકમ અનામત મૂકવા માટે, તેવી કોઈ શરતોનું ઉલ્લંઘન કરવા માટે અનામત મુકેલી રકમ અથવા તેનો કોઈ ભાગ જપ્ત કરવા માટે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે અધિકારીએ તેવી જપ્તીનો નિર્ણય કરવા માટે;

(ઠ) ખાસ કરીને કોઈ જગાઓ, વિમાનો, વહાણો, વાહનો અથવા બીજાં વાહકોમાં દાખલ થઈ ઝડતી લેવા, પશુઓની તપાસ કરવા અને—

(૧) જેના સંબંધમાં આવી વ્યક્તિને એમ માનવાને કારણ હોય કે હુકમનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, કરવામાં આવી રહ્યું છે અથવા થવાની તૈયારીમાં છે તેવી કોઈ વસ્તુઓનો અને જેમાં આવી વસ્તુઓ મળી આવે તેવાં કોઈ પેકેજો, આચ્છાદનો અથવા પાત્રોનો;

(૨) આવી વ્યક્તિને એમ માનવાને કારણ હોય કે જે વિમાન, વહાણ, વાહન અથવા બીજા વાહક કે પશુ આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ સરકાર-દાખલ કરવાને પાત્ર છે, તો આવી વસ્તુઓ લઈ જવામાં વપરાતાં કોઈ વિમાન, વહાણ, વાહક કે બીજા વાહક કે પશુનો;

(૩) આવી વ્યક્તિના અભિપ્રાય મુજબ, આ અધિનિયમ હેઠળની કાર્યવાહી માટે ઉપયોગી થાય અથવા તેની સાથે સંબંધ ધરાવતા હોય તેવા હિસાબના ચોપડા અથવા દસ્તાવેજો જેની પાસેથી કબજે લેવામાં આવ્યા હોય તેવી વ્યક્તિ, તે હિસાબના ચોપડા અથવા દસ્તાવેજોનો હવાલો ધરાવનાર અધિકારીની હાજરીમાં, તેની નકલો કરવા માટે અથવા તેમાંથી ઉતારા કરવા માટે હકદાર રહે તેવા કોઈ હિસાબના ચોપડા અને દસ્તાવેજોનો;

અધિકૃત વ્યક્તિ દ્વારા કબજો લેવા સહિતની કોઈ આનુષંગિક અથવા પૂરક બાબતો માટે;

(૩) પેટા-કલમ (૨)ના ખંડ (છ)ના સંદર્ભમાં કરેલા હુકમનું પાલન કરી કોઈ વ્યક્તિ આવશ્યક ચીજ-વસ્તુ વેચે, તો તેને તે માટે આમાં હવે પછી ઠરાવેલી કિંમત આપવી જોઈશે :—

(ક) આ કલમ હેઠળ કરેલી નિયંત્રિત કિંમતને સુસંગત રહીને, કિંમત વિષે કબૂલાત થઈ શકે તો, તે રીતે કબૂલ રાખેલી કિંમત;

(ખ) તેવી કબૂલાત ન થઈ શકે ત્યારે, નિયંત્રિત કિંમત હોય તો, તેના સંદર્ભમાં ગણતરી કરેલી કિંમત;

(ગ) ખંડ (ક) અથવા ખંડ (ખ), એ બેમાંથી એક પણ લાગુ પડતો ન હોય ત્યારે, વેચાણની તારીખે તે વિસ્તારમાં પ્રવર્તતા બજાર ભાવે ગણતરી કરેલી કિંમત.

(૩-ક) (૧) કોઈ વિસ્તારમાં કોઈ ખાદ્યપદાર્થના વધતા જતા ભાવોનું નિયંત્રણ કરવા માટે અથવા તેનો સંગ્રહ થતો અટકાવવા માટે તેમ કરવું જરૂરી છે, એવો કેન્દ્ર સરકારનો અભિપ્રાય થાય તો, કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, એવો આદેશ આપી શકશે કે પેટા-કલમ (૩)માં ગમે તે મજકૂર હોય તે છતાં, પેટા-કલમ (૨)ના ખંડ (છ)ના સંદર્ભમાં કરેલા હુકમ અનુસાર તે વિસ્તારમાં વેચવાના ખાદ્યપદાર્થની કિંમતનું, આ પેટા-કલમની જોગવાઈઓ અનુસાર નિયમન કરવામાં આવશે.

(૨) આ પેટા-કલમ હેઠળ બહાર પાડેલું જાહેરનામું, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી વધુમાં વધુ ત્રણ મહિનાની મુદત સુધી અમલમાં રહેશે.

(૩) આ પેટા-કલમ હેઠળ જાહેરનામું બહાર પાડયા પછી, કોઈ વ્યક્તિ, તેમાં નિર્દિષ્ટ કરેલી જાતનો ખાદ્યપદાર્થ, તેવી રીતે નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં, પેટા-કલમ (૨)ના ખંડ (છ)ના સંદર્ભમાં કરેલા હુકમ અનુસાર વેચે, ત્યારે વેચનારને તે માટે નીચે પ્રમાણે કિંમત આપવી જોઈશે—

(ક) આ કલમ હેઠળ નક્કી કરેલી ખાદ્યપદાર્થની નિયંત્રિત કિંમતને સુસંગત રહીને કિંમત વિષે કબૂલાત થઈ શકે તો, તે રીતે કબૂલ રાખેલી કિંમત;

(ખ) તેવી કબૂલાત ન થઈ શકે ત્યારે, નિયંત્રિત કિંમત હોય તો, તેના સંદર્ભમાં ગણતરી કરેલી કિંમત;

(ગ) ખંડ (ક) અથવા ખંડ (ખ), એ બેમાંથી એક પણ લાગુ પડતો ન હોય ત્યારે, જાહેરનામાની તારીખની તરત અગાઉના ત્રણ મહિનાની મુદત દરમિયાન, તે વિસ્તારમાં પ્રવર્તતા સરેરાશ બજાર ભાવના સંદર્ભમાં ગણતરી કરેલી કિંમત.

(૪) ખંડ (૩)ના પેટા-ખંડ (ગ)ના હેતુઓ માટે, કેન્દ્ર સરકારે, આ અર્થે અધિકૃત કરેલા અધિકારીએ, તે વિસ્તારમાં ચાલુ સરેરાશ બજારભાવ, તે વિસ્તાર અથવા પડોશના વિસ્તારમાં પ્રવર્તતા જે બજારભાવોના પ્રસિધ્ધ થયેલા આંકડા ઉપલભ્ય હોય તેના સંદર્ભમાં નક્કી કરવો જોઈશે; અને તેવી રીતે નક્કી કરેલો સરેરાશ બજાર ભાવ આખરી ગણાશે અને તેની સામે કોઈ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

(૩-ખ) પેટા-કલમ (૨)ના ખંડ (છ)ના સંદર્ભમાં હુકમ કરીને કોઈ વ્યકિતને, જેના સંબંધમાં પેટા-કલમ (૩ક) હેઠળ કોઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ન હોય તેના અથવા એવું જાહેરનામું બહાર પાડયા પછી અમલમાં રહ્યું ન હોય તેના સંબંધમાં કોઈ પ્રકારનું અથવા જાતનું કોઈ અનાજ, ખાદ્ય તેલીબીયાં અથવા ખાદ્યતેલો કેન્દ્ર સરકારને અથવા રાજ્ય સરકારને અથવા એવી સરકારના કોઈ અધિકારી કે એજન્ટને અથવા એવી સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશનને વેચવાની ફરજ પાડવામાં આવે ત્યારે, પેટા-કલમ (૩)માં વિરુધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, સંબંધિત વ્યકિતને, નીચેની બાબતો ધ્યાનમાં લઈને, કેન્દ્ર સરકારની પૂર્વ-અનુમતિથી રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા, યથાપ્રસંગ, અનાજ, ખાદ્ય તેલીબિયાં અથવા ખાદ્યતેલોની પ્રાપ્તિ-કિંમતના જેટલી રકમ ચૂકવવામાં આવશે—

(ક) એવા પ્રકારના કે જાતના અનાજ, ખાદ્ય તેલીબીયાં અથવા ખાદ્યતેલો માટે, આ કલમ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાથી કે તે હેઠળ કોઈ નિયંત્રિત કિંમત ઠરાવી હોય તો તે કિંમત;

(ખ) પાકનો સામાન્ય ઉતાર;

(ગ) ગ્રાહકોને, ખાસ કરીને આર્થિક રીતે ભીંસમાં હોય તે વર્ગના ગ્રાહકોને તેવા પ્રકારના અથવા જાતના અનાજ, ખાદ્ય તેલીબીયાં અથવા ખાદ્યતેલો વાજબી કિંમતે ઉપલભ્ય બનાવવા માટેની જરૂરિયાત; અને

(ઘ) સંબંધિત પ્રકાર અથવા જાતના અનાજ, ખાદ્ય તેલીબિયાં અથવા ખાદ્યતેલો અંગે "ખેતી વિષયક ભાવ કમિશન"ની ભલામણો હોય તો તે.

(૩-ગ) પેટા-કલમ (૨)ના ખંડ (છ)ના સંદર્ભમાં હુકમ કરીને કોઈ ઉત્પાદકને, કોઈ જાતની ખાંડ (કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા તે સરકારના કોઈ અધિકારી અથવા એજન્ટને અથવા કોઈ બીજી વ્યક્તિને અથવા વ્યક્તિઓના વર્ગને) વેચવાની ફરજ પાડવામાં આવે અને પેટા-કલમ (૩-ક) હેઠળ એવી ખાંડના સંબંધમાં કોઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ન હોય અથવા આવું કોઈ જાહેરનામું બહાર પડયા પછી અમલમાં રહ્યું ન હોય ત્યારે, પેટા-કલમ (૩)માં ગમે તે મજકૂર હોય તે છતાં, તે ઉત્પાદકને, તે માટેની રકમ ચૂકવવી જોઈશે, જેની ગણતરી નીચેની બાબતો ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકાર હુકમથી નક્કી કરે તે ખાંડની કિંમતના સંદર્ભમાં કરવી જોઈશે—

(ક) આ કલમ હેઠળ કેન્દ્ર સરકારે શેરડી માટે ઓછામાં ઓછી કિંમત નક્કી કરી હોય તો તે કિંમત;

(ખ) ખાંડનું ઉત્પાદન-ખર્ચ;

(ગ) તેના ઉપર ભરેલી અથવા ભરવાની ડ્યુટી અથવા કર; અને

(ઘ) ખાંડ ઉત્પાદનના ધંધામાં રોકેલી મૂડી ઉપર વાજબી વળતર મેળવવા બાબત,

અને જુદા જુદા વિસ્તારો માટે અથવા જુદાં જુદાં કારખાનાં માટે અથવા ખાંડની જુદી જુદી જાતો માટે વખતોવખત જુદી જુદી કિંમત નક્કી કરી શકાશે.

સ્પષ્ટીકરણ.—આ પેટા-કલમના હેતુઓ માટે "ઉત્પાદક" એટલે ખાંડ બનાવવાનો ધંધો કરનાર વ્યક્તિ.

(૪) કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય થાય, કે કોઈ આવશ્યક ચીજ-વસ્તુનું ઉત્પાદન અને તેનો પુરવઠો જાળવવા અથવા વધારવા માટે તેમ કરવું જરૂરી છે તો, કેન્દ્ર સરકાર, હુકમ કરીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે ચીજ-વસ્તુના ઉત્પાદનના અને તે પૂરી પાડવાના કામમાં રોકાયેલા કોઈ સમગ્ર અન્ડરટેકિંગ અથવા તેના કોઈ ભાગના સંબંધમાં, તેમાં જોગવાઈ કરવામાં આવે તેવા નિયંત્રણનાં કાર્યો બજાવવા કોઈ વ્યક્તિને (જેનો આમાં હવે પછી "અધિકૃત નિયામક" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) અધિકાર આપી શકશે અને કોઈ અન્ડરટેકિંગ અથવા તેના ભાગ સંબંધમાં આવો હુકમ અમલમાં રહે ત્યાં સુધી,—

(ક) અધિકૃત નિયામકે, કેન્દ્ર સરકારે, તેને આપેલી કોઈ સૂચના અનુસાર પોતાનાં કાર્યો બજાવવાં જોઈશે પણ તે એવી રીતે કે તે હુકમમાં ખાસ જોગવાઈ કરવામાં આવે તેટલે અંશે હોય તે સિવાય, અન્ડરટેકિંગનો વહીવટ સંભાળનારાઓનાં કાર્યો નક્કી કરતી કોઈ અધિનિયમની અથવા કોઈ ખતની જોગવાઈઓ સાથે સુસંગત હોય તેવા આદેશો આપવાની તેને સત્તા રહેશે નહિ; અને

(ખ) તે હુકમની જોગવાઈઓ હેઠળ અધિકૃત નિયામકે આપેલા આદેશો અનુસાર તે અન્ડરટેકિંગ અથવા તેના ભાગનું સંચાલન કરવું જોઈશે અને તે અન્ડરટેકિંગ અથવા તેના ભાગ સંબંધી કોઈ વહીવટી કાર્યો સંભાળતી વ્યક્તિઓ તે આદેશનું પાલન કરવું જોઈશે.

(૫) આ કલમ હેઠળ કરેલો હુકમ,—

(ક) સામાન્ય પ્રકારનો અથવા કોઈ વર્ગની વ્યક્તિઓને અસરકર્તા હુકમની બાબતમાં, રાજપત્રમાં જાહેર કરવો જોઈશે; અને

(ખ) નિર્દિષ્ટ વ્યક્તિને કરેલા હુકમની બાબતમાં, એવી વ્યક્તિ ઉપર નીચે પ્રમાણે બજાવવો જોઈશે—

(૧) તે વ્યક્તિને તે હુકમ પહોંચાડીને અથવા આપીને, અથવા

(૨) તે હુકમ એ રીતે પહોંચાડી કે આપી શકાય નહિ, તો તે વ્યક્તિ જે મકાનમાં રહેતી હોય તેના બહારના બારણા ઉપર અથવા તે મકાનના સહેલાઈથી દેખાઈ આવે તેવા ભાગ ઉપર તે ચોંટાડીને, અને તેમ કર્યાનો લેખિત રિપોર્ટ તૈયાર કરી, તેમાં પડોશમાં રહેતી બે વ્યક્તિઓની સાખ લેવી જોઈશે.

(૬) આ કલમ હેઠળ કેન્દ્ર સરકારે અથવા કેન્દ્ર સરકારના કોઈ અધિકારીએ અથવા સત્તાધિકારીએ કરેલો હુકમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ સંસદનાં બંને ગૃહો સમક્ષ મુકવો જોઈશે.

**રાજ્ય સરકારો, વગેરે ઉપર ફરજો નાખવા બાબત.**

૪. કલમ ૩ હેઠળ કરેલા હુકમથી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારના અથવા રાજ્ય સરકારના અધિકારીઓ અને સત્તાધિકારીઓને સત્તા આપી શકાશે અને તેઓ ઉપર ફરજો નાંખી શકાશે, અને તેમાં એવી સત્તા વાપરવા અથવા એવી કોઈ ફરજો બજાવવા સંબંધી કોઈ રાજ્ય સરકારને અથવા તેના અધિકારીઓને અને સત્તાધિકારીઓને આપવાના આદેશો હોવા જોઈશે.

**સત્તાની સોંપણી.** ૫. કેન્દ્ર સરકાર, જાહેર કરેલા હુકમથી એવો આદેશ આપી શકશે કે કલમ ૩ હેઠળ હુકમો કરવાની કે જાહેરનામાં બહાર પાડવાની સત્તા, તે આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે બાબતો સંબંધમાં અને તે શરતોને અધીન રહીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા—

(ક) કેન્દ્ર સરકારના તાબાના અધિકારીથી અથવા સત્તાધિકારીથી, અથવા

(ખ) રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારના તાબાના અધિકારીથી અથવા સત્તાધિકારીથી,

પણ વાપરી શકાશે.

**બીજા અધિનિયમનો સાથે અસંગત હોય તેવા હુકમોની અસર.** ૬. આ અધિનિયમ સિવાયના બીજા કોઈ અધિનિયમનમાં અથવા આ અધિનિયમ સિવાયના બીજા કોઈ અધિનિયમનની રૂએ અમલમાં હોય તેવા ખતમાં, કલમ ૩ હેઠળ કરેલા હુકમ સાથે અસંગત હોય એવો કોઈપણ મજકૂર હોય તે છતાં, એવો હુકમ અસરકારક રહેશે.

**આવશ્યક ચીજ-વસ્તુ જપ્ત કરવા બાબત.** ૬-ક. (૧) કોઈ આવશ્યક ચીજ-વસ્તુના સંબંધમાં કલમ ૩ હેઠળ કરેલા હુકમ અનુસાર તે ચીજ-વસ્તુ કબજે કરવામાં આવે ત્યારે, જે જિલ્લા અથવા પ્રેસિડન્સી શહેરમાંથી તે આવશ્યક ચીજ-વસ્તુ કબજે કરવામાં આવી હોય તે જિલ્લા અથવા પ્રેસિડન્સી શહેરના કલેકટરને એવી રીતે તે કબજે કર્યાનો રિપોર્ટ, ગેરવાજબી વિલંબ કર્યા વિના કરવો જોઈશે, અને તે હુકમના ઉલ્લંઘન માટે ફરિયાદ માંડવામાં આવી હોય કે ન હોય તો પણ, કલેકટરને તેમ કરવું ઈષ્ટ છે એમ લાગે તો તે, એ રીતે કબજે લીધેલી આવશ્યક ચીજવસ્તુ પોતાની સમક્ષ તપાસણી માટે રજૂ કરવા આદેશ આપી શકશે અને પોતાને ખાતરી થાય કે હુકમનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે તો તે—

(ક) એ રીતે કબજે કરેલી આવશ્યક ચીજ-વસ્તુ જપ્ત કરવાનો;

(ખ) જેમાંથી આવશ્યક ચીજ-વસ્તુ મળેલી હોય તે પેકેજ, આચ્છાદન અથવા પાત્ર જપ્ત કરવાનો; અને

(ગ) એ આવશ્યક ચીજવસ્તુ લઈ જવા માટે ઉપયોગમાં લેવાયેલા પશુ, વાહન, વહાણ અથવા બીજું વાહક જપ્ત કરવાનો,

હુકમ કરી શકશે :

પરંતુ આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈ હેઠળ લેવામાં આવે તે પગલાંને બાધ આવ્યા વિના, કોઈ અનાજ કે ખાદ્ય તેલીબિયાં સંબંધમાં, કલમ ૩ હેઠળ કરેલા હુકમ અનુસાર ઉત્પાદક પાસેથી કબજે કરેલ અનાજ અથવા ખાદ્ય તેલીબિયાં તેણે રજૂ કર્યાં હોય, તો એ રીતે કબજે કરેલા અનાજ અથવા ખાદ્ય તેલીબિયાં આ કલમ હેઠળ જપ્ત કરી શકાશે નહિ :

વધુમાં, ભાડેથી માલ અથવા ઉતારુઓ લઈ જવા માટે ઉપયોગમાં લેવાયેલા કોઈ પશુ, વાહન, વહાણ અથવા બીજા વાહકની બાબતમાં, તેના માલિકને, તેની જપ્તીને બદલે, એ પશુ, વાહન, વહાણ અથવા બીજા વાહક દ્વારા લઈ જવા ધાર્યું હોય તેવી આવશ્યક ચીજ-વસ્તુ કબજે લીધાની તારીખે જે બજાર-કિંમત હોય તેનાથી વધુ નહિ તેટલો દંડ આપવાનો વિકલ્પ આપવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કબજાનો રિપોર્ટ મળ્યે અથવા કોઈ આવશ્યક ચીજ-વસ્તુની તપાસણી કર્યે, કલેકટરનો અભિપ્રાય એવો થાય કે આવશ્યક ચીજ-વસ્તુ ત્વરિત અને કુદરતી રીતે બગડી જાય તેવી છે અથવા અન્યથા તેમ કરવું જાહેર હિતમાં છે તો તે—

(૧) આ અધિનિયમ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ એવી આવશ્યક ચીજ-વસ્તુ માટે નક્કી કરેલી હોય તો, તે નિયંત્રિત કિંમતે તે વેચવાનો હુકમ કરી શકશે; અથવા

(૨) એવી કિંમત નક્કી કરવામાં ન આવે ત્યારે, તે જાહેર હરાજીથી વેચવાનો હુકમ કરી શકશે :

પરંતુ જે કોઈપણ આવશ્યક ચીજવસ્તુની છુટક વેચાણ કિંમત, અધિનિયમ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવી હોય તેવી

કોઈપણ આવશ્યક ચીજવસ્તુની બાબતમાં, કલેક્ટર, તેની ન્યાયી વહેંચણી થાય અને તે વાજબી કિંમતે મળી રહે તે માટે, તેવી રીતે નક્કી કરેલી કિંમતે વાજબી ભાવની દુકાનો મારફત તે વેચવાનો હુકમ કરી શકશે.

(૩) ઉપર પ્રમાણે કોઈ આવશ્યક ચીજ-વસ્તુ વેચવામાં આવે ત્યારે, એ વેચાણ અથવા હરાજીનું અથવા તેને લગતું બીજું આનુષંગિક ખર્ચ કાપી લીધા પછી તે વેચાણ કિંમતની રકમ—

(ક) કલેક્ટરે જપ્તીનો છેવટનો હુકમ કર્યો ન હોય ત્યારે,

(ખ) કલમ ૬-ગની પેટા-કલમ (૧) હેઠળ અપીલમાં કરેલા હુકમથી તેમ ફરમાવવામાં આવેલ હોય ત્યારે, અથવા

(ગ) આ કલમ હેઠળ જપ્તી માટેના હુકમના ઉલ્લંઘન માટે માંડવામાં આવેલી ફરિયાદમાં સંબંધિત વ્યક્તિને નિર્દોષ ઠરાવીને છોડી મૂકવામાં આવેલ હોય ત્યારે,

તેના માલિકને અથવા જેની પાસેથી તે કબજે લેવામાં આવેલ હોય તે વ્યક્તિને આપવી જોઈશે.

**આવશ્યક ચીજ-વસ્તુ જપ્ત કરવામાં આવે તે પહેલાં કારણ દર્શાવવા માટેની નોટિસ કાઢવા બાબત.**

૬-ખ. (૧) કોઈ આવશ્યક ચીજ-વસ્તું પેકેજો, આચ્છાદન, પાત્ર, પશુ, વાહન, વહાણ અથવા બીજા વાહકના માલિકને અથવા જેની પાસેથી તે કબજે લેવામાં આવી હોય તે વ્યક્તિને—

(ક) જે કારણે તે આવશ્યક ચીજ-વસ્તુ, પેકેજો, આચ્છાદન, પાત્ર, પશુ, વાહન, વહાણ અથવા બીજું વાહક જપ્ત કરવા ધાર્યું હોય તે કારણો જણાવતી લેખિત નોટિસ આપવામાં આવી ન હોય તો;

(ખ) નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વાજબી સમયની અંદર તે ચીજ-વસ્તુ જપ્ત કરવાનાં કારણો વિરુધ્ધ લિખિત રજૂઆત કરવાની તક આપવામાં આવી ન હોય તો; અને

(ગ) તે બાબતમાં સુનાવણીની વાજબી તક આપવામાં આવી ન હોય તો;

કલમ ૬-ક હેઠળ એવી ચીજ-વસ્તુ, પેકેજો, આચ્છાદન, પાત્ર, પશુ, વાહન, વહાણ અથવા બીજું વાહક જપ્ત કરવાનો હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, કોઈ પશુ, વાહન, વહાણ અથવા બીજા વાહકનો માલિક, કલેક્ટરને ખાતરી થાય તેમ પૂરવાર કરે કે માલિકની પોતાની તેનો એજન્ટ હોય તો તેની અને તે પશુ, વાહન, વહાણ અથવા બીજા વાહકનો હવાલો ધરાવતી વ્યક્તિની જાણ અથવા મૂક સંમતિ વિના આવશ્યક ચીજ-વસ્તુ લઈ જવા માટે તે પશુ, વાહન, વહાણ અથવા બીજા વાહનનો ઉપયોગ કરાયો હતો અને તેઓ પૈકી દરેકે એવા ઉપયોગ સામે તમામ વાજબી અને જરૂરી સાવચેતી રાખી હતી તો, કલમ ૬-ક હેઠળ એવા કોઈ પશુ, વાહન, વહાણ અથવા બીજુ વાહક જપ્ત કરવાનો કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૩) કોઈ આવશ્યક ચીજ-વસ્તુ, પેકેજ, આચ્છાદન, પાત્ર, પશુ, વાહન, વહાણ અથવા બીજુ વાહક જપ્ત કરવાનો કોઈ હુકમ પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ આપેલી નોટિસમાં તે ખંડની જોગવાઈઓનું મહદઅંશે પાલન કરવામાં આવ્યું હોય તો, તેમાં રહેલી કોઈ ખામી કે અનિયમિસરતાને કારણે જ ગેરકાયદેસર ઠરાવી શકાશે નહિ.

**અપીલ.**

૬-ગ (૧) કલમ ૬-ક હેઠળ જપ્તીના હુકમથી નારાજ થયેલી વ્યક્તિ, તે હુકમની તેને જાણ થયાની તારીખથી એક મહિનાની અંદર સંબંધિત રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને રાજ્ય સરકાર અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, તેને યોગ્ય લાગે તે પ્રમાણે, જે હુકમની સામે અપીલ કરવામાં આવી હોય તેને બહાલ રાખતો, તેમાં ફેરફાર કરતો અથવા તેને રદ કરતો હુકમ કરી શકશે.

(૨) કલમ ૬-ક હેઠળ કરેલા હુકમમાં રાજ્ય સરકાર ફેરફાર કરે અથવા તે રદ કરે ત્યારે, અથવા જે હુકમ અંગે કલમ ૬-ક હેઠળ જપ્તી કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તેના ઉલ્લંઘન માટે માંડેવામાં આવેલી ફરિયાદમાં સંબંધિત વ્યક્તિને નિર્દોષ ઠરાવીને છોડી મૂકવામાં આવે ત્યારે અને આ બેમાંથી કોઈ પ્રસંગે કબજે કરેલી આવશ્યક ચીજ-વસ્તું પાછી સોંપવાનું કોઈ કારણ શક્ય ન હોય ત્યારે, તે આવશ્યક ચીજ-વસ્તુ સરકારને વેચવામાં આવી હોય તેમ ગણીને તે વ્યક્તિને, કલમ ૬-કની પેટા-કલમ (૩)થી ઠરાવવામાં આવે તે સિવાય, તેની કિંમત સદરહુ આવશ્યક ચીજ-વસ્તુ જપ્ત કર્યાની તારીખથી ગણવામાં આવેલા વાજબી વ્યાજ સાથે ચૂકવવી જોઈશે અને તેવી કિંમત —

(૧) અનાજ, ખાદ્ય તેલીબિયાં અથવા ખાદ્યતેલોની બાબતમાં, કલમ ૩ની પેટા-કલમ (૩-ખ)ની જોગવાઈઓ અનુસાર;

(૨) ખાંડની બાબતમાં, કલમ ૩ની પેટા-કલમ (૩-ગ)ની જોગવાઈઓ અનુસાર; અને

(૩) બીજી કોઈપણ આવશ્યક ચીજ-વસ્તુની બાબતમાં, કલમ ૩ની પેટા-કલમ (૩)ની જોગવાઈઓ અનુસાર,

નક્કી કરવી જોઈશે.

જપ્તીના નિર્ણયથી બીજી શિક્ષાને બાધ ન આવવા બાબત.

૬-ઘ કલેકટરે આ અધિનિયમ હેઠળ કરેલા જપ્તીના નિર્ણયથી જે વ્યકિતને અસર પહોંચી હોય તેને, આ અધિનિયમ હેઠળ જે શિક્ષાને તે પાત્ર હોય તે શિક્ષા કરવામાં બાધ આવશે નહિ.

અમુક બાબતોમાં હકૂમતને બાધ.

૬-ચ. કોઈ આવશ્યક ચીજ-વસ્તુને લગતી કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમ અનુસાર તેવી ચીજ-વસ્તુ કબજે લેવામાં આવે ત્યારે, યથાપ્રસંગ, કલેકટરને અથવા કલમ ૬-ગ હેઠળ સંબંધિત રાજ્ય સરકારને, એ મિલકતનાં કબજો, સોંપણી, નિકાલ અથવા વહેંચણીના સંબંધમાં હુકમો કરવાની હકૂમત રહેશે અને તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ ન્યાયાલય, ટ્રિબ્યુનલ અથવા બીજા સત્તાધિકારીને એવી મિલકતનાં કબજો, સોંપણી, નિકાલ અથવા વહેંચણીના સંબંધમાં હુકમો કરવાની હકૂમત રહેશે નહિ.

શિક્ષા.

૭. (૧) કોઈ વ્યકિત કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમનું ઉલ્લંઘન કરે તો,—

(ક) તે નીચે મુજબની શિક્ષાને પાત્ર થશે—

(૧) તે કલમની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ) અથવા (ટ)ના સંબંધમાં કરવામાં આવેલા કોઈ હુકમની બાબતમાં, તે એક વર્ષ સુધીની કેદની શિક્ષાને અને દંડને પણ પાત્ર થશે, અને

(૨) બીજા કોઈ હુકમની બાબતમાં, તે ઓછામાં ઓછી ત્રણ મહિનાની પણ સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને અને દંડને પણ પાત્ર થશે;

(ખ) જે મિલકત સંબંધમાં હુકમનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તે મિલકત સરકારમાં જપ્ત કરવામાં આવશે;

(ગ) જેમાંથી કોઈ મિલકત મળી આવી હોય તેવા કોઈ પેકેજ, આચ્છાદન અથવા પાત્ર અને મિલકત લઈ જવા માટે ઉપયોગમાં લેવાયેલું પશુ, વાહન, વહાણ અથવા બીજું વાહક, ન્યાયાલય તેમ કરવાના હુકમો કરે તો, સરકારમાં જપ્ત કરવામાં આવશે.

(૨) કલમ ૩ની પેટા-કલમ (૪)ના ખંડ (ખ) હેઠળ જેને આદેશ આપવામાં આવ્યો હોય તે વ્યકિત આદેશનું પાલન ન કરે તો, તે ઓછામાં ઓછી ત્રણ મહિનાની પણ સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને અને દંડને પણ પાત્ર થશે :

(૨-ક) પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨) હેઠળ અથવા પેટા-કલમ (૨) હેઠળ કોઈ ગુના માટે દોષિત ઠરાવાયેલી કોઈ વ્યકિતને તે જ જોગવાઈ હેઠળ ગુના માટે ફરીથી દોષિત ઠરાવવામાં આવે તો, તે બીજા અને ત્યાર પછીના દરેક ગુના માટે ઓછામાં ઓછી છ મહિનાની પણ સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને અને દંડને પણ પાત્ર થશે :

* * * *

(૩) કોઈ વ્યકિતને પેટા-કલમ (૧) હેઠળ કોઈ ગુના માટે દોષિત ઠરાવવામાં આવી હોય અને તેને કોઈજ આવશ્યક ચીજ-વસ્તુના સંબંધમાં કોઈ હુકમનું ઉલ્લંઘન કરવા માટે તે પેટા-કલમ હેઠળ કોઈ ગુના માટે ફરી દોષિત ઠરાવવામાં આવે ત્યારે, જે ન્યાયાલયે તે વ્યકિતને દોષિત ઠરાવી હોય તે ન્યાયાલયે તે પેટા-કલમ હેઠળ તેને જે શિક્ષા કરવામાં આવે તે ઉપરાંત, હુકમ કરીને આદેશ કરવો જોઈશે કે તે વ્યકિતથી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી ઓછામાં ઓછી છ મહિનાની મુદત સુધી તે આવશ્યક ચીજ-વસ્તુનો વેપાર કરી શકાશે નહિ.

કોશિશ અને દુષ્પ્રેરણા.

૮. જે કોઈ વ્યકિત કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમનું ઉલ્લંઘન કરવાની કોશિશ કરે અથવા તેનું ઉલ્લંઘન કરવાનું દુષ્પ્રેરણ કરે તેણે તે હુકમનું ઉલ્લંઘન કર્યું હોવાનું ગણાશે :

પરંતુ કોઈ વ્યકિતએ કલમ ૨ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪-ક) અથવા પેટા-ખંડ (૫)માં જણાવેલ પ્રકારની કોઈ આવશ્યક ચીજ-વસ્તુ, એવી આવશ્યક ચીજ-વસ્તુનો કોઈ વેપાર કે ધંધા કરવાના હેતુ માટે નહી પણ પોતાના ઉપયોગ માટે અથવા તેના કુટુંબની કોઈ વ્યકિતના ઉપયોગ માટે અથવા તેના પર આશ્રિત હોય તેવી વ્યકિતના ઉપયોગ માટે મેળવવાના હેતુ માટે કોઈ હુકમના ઉલ્લંઘનમાં મદદગારી કરી હોય તે પ્રસંગે ન્યાયાલય, કલમ ૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, અને ચુકાદામાં કારણો જણાવીને, માત્ર દંડની સજા કરી શકશે.

૯. કોઈ વ્યકિત,—

(૧) કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમથી તેને કોઈ કથન કરવાનું અથવા કોઈ માહિતી આપવાનું ફરમાવવામાં આવ્યું હોય ત્યારે, કોઈ મુદ્દાની બાબતમાં ખોટું હોય તેવું અને જે ખોટું છે એમ પોતે જાણતી હોય અથવા એમ માનવાને પોતાને વાજબી કારણ હોય તેવું અથવા જે સાચું છે એમ પોતે માનતી ન હોય તેવું કથન કરે અથવા તેવી માહિતી આપે, અથવા **ખોટાં કથનો.**

(૨) એવા કોઈ હુકમથી તેને જે ચોપડા, હિસાબ, રેકર્ડ, એકરાર, પત્રક અથવા બીજા દસ્તાવેજ રાખવાનું અથવા રજૂ કરવાનું ફરમાવવામાં આવ્યું હોય તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેનું કથન કરે,

તેને પાંચ વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

૧૦. (૧) કલમ ૩ હેઠળ કરેલા હુકમનું ઉલ્લંઘન કરનાર જો કોઈ કંપની હોય તો, હુકમનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તે સમયે કંપનીનો ચાર્જ સંભાળતી હોય અને તેના કાર્યસંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યકિત તેમજ કંપની તેવા ઉલ્લંઘન માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા કરી શકાશે : **કંપનીઓએ કરેલા ગુના.**

પરંતુ, એવી વ્યકિત એમ સાબિત કરે કે એવું ઉલ્લંઘન તેની જાણ બહાર કરવામાં આવ્યું હતું અથવા એવું ઉલ્લંઘન થતું અટકાવવા માટે પોતે તમામ યોગ્ય કાળજી લીધી હતી, તો તે, આ પેટા-કલમના કોઈપણ મજકૂરથી કોઈ શિક્ષાને પાત્ર ઠરશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને એવું સાબિત થાય કે તે ગુનો કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમની બેદરકારીને કારણે થયો છે, તો એવો ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજો અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેને શિક્ષા કરવામાં આવશે.

**સ્પષ્ટીકરણ.**— આ કલમના હેતુઓ માટે,—

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યકિતઓના બીજા એસોસિયેશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં, "ડિરેકટર" એટલે પેઢીનો ભાગીદાર.

**સન ૧૯૭૪ નો ૨જો.** ૧૦-ક. "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩"માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર દરેક ગુનો જામીન લઈ શકાય તેવો ગણાશે. **ગુના પોલીસ અધિકારના અને જામીન લઈ શકાય તેવા ગણવા બાબત.**

૧૦-ખ. (૧) આ અધિનિયમ હેઠળ કોઈ કંપનીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે, કંપનીને દોષિત ઠરાવનાર ન્યાયાલય માટે કંપનીનું નામ અને ધંધાનું સ્થળ, ઉલ્લંઘનનો પ્રકાર, કંપનીને એવી રીતે દોષિત ઠરાવી હોવાની હકીકત, અને કેસના સંજોગો અનુસાર ન્યાયાલયને યોગ્ય લાગે તેવી બીજી વિગતો, ન્યાયાલય આદેશ કરે તેવાં વર્તમાનપત્રોમાં અથવા તેવી રીતે કંપનીના ખર્ચે પ્રસિદ્ધ કરાવવાનું સક્ષમ ગણાશે. **આ અધિનિયમ હેઠળ દોષિત ઠરેલી કંપનીઓનાં નામ ધંધાના સ્થળ, વગેરે પ્રસિદ્ધ કરવાની ન્યાયાલયની સત્તા.**

(૨) ન્યાયાલયના હુકમો વિરુદ્ધ અપીલ કરવા માટેની મુદત, અપીલ કરાયા વિના પૂરી ન થાય અથવા આવી અપીલ કરાયા પછી તેનો નિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી, પેટા-કલમ (૧) હેઠળ કોઈ પ્રસિદ્ધિ કરી શકાશે નહિ.

(૩) પેટા-કલમ (૧) હેઠળની પ્રસિદ્ધિનું ખર્ચ, તે ન્યાયાલયે નાખેલો દંડ હોય તેમ કંપની પાસેથી વસૂલ કરી શકાશે.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે "કંપની"નો અર્થ કલમ ૧૦ના સ્પષ્ટીકરણના ખંડ (ક)માં જે અર્થ કર્યો છે તે જ થશે.

**ગુનાહિત માનસિક સ્થિતિનું અનુમાન.**

૧૦-ગ. (૧) આરોપીના પક્ષે ગુનાહિત માનસિક સ્થિતિ હોવી જોઈએ તેવા આ અધિનિયમ હેઠળના કોઈ ગુનાના ફોજદારી કામમાં, ન્યાયાલય એવી માનસિક સ્થિતિ હોવાનું માની લેશે, પરંતુ તે ફોજદારી કામમાં ગુનાના આરોપવાળા કૃત્ય સંબંધમાં પોતાની માનસિક સ્થિતિ એવી ન હતી તે હકીકત સાબિત કરવાનું આરોપી માટે બચાવ ગણાશે.

**સ્પષ્ટીકરણ.**—આ કલમમાં "ગુનાહિત માનસિક સ્થિતિ"માં ઈરાદો, હેતુ, કોઇ હકીકતનું સાધન અને હકીકતની માન્યતા અથવા તેની માન્યતાના કારણનો સમાવેશ થાય છે.

(૨) આ કલમના હેતુઓ માટે કોઈ હકીકત સાબિત થયેલ ત્યારે જ કહેવાય જ્યારે તેનું અસ્તિત્વ વાજબી શંકાથી પર છે તેમ ન્યાયાલય માને, અને નહિ કે જ્યારે તેનું અસ્તિત્વ માત્ર વિશેષ શકયતાથી સ્થાપિત થતું હોય.

**ગુનાની વિચારણા.**

૧૧. 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧માં વ્યાખ્યા કર્યા પ્રમાણે રાજ્ય સેવક હોય તેવી કોઈ વ્યકિતએ એવો ગુનો બનતી હકીકતોનો લેખિત રિપોર્ટ કર્યો હોય તે સિવાય, કોઈપણ ન્યાયાલયથી આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર કોઈ ગુનાની વિચારણા કરી શકાશે નહિ. **સન ૧૮૬૦ નો ૪૫મો.**

* * * * *

**દંડ સંબંધી ખાસ જોગવાઈ.**

૧૨. [સન ૧૯૮૧ના ૧૮મા અધિનિયમની કલમ ૧૦થી કાઢી નાખી]

**ખાસ ન્યાયાલયની રચના.**

૧૨-ક. (૧) રાજય સરકાર, આ અધિનિયમ હેઠળના ગુનાઓની ત્વરિત ઈન્સાફી કાર્યવાહીની જોગવાઈ કરવાના હેતુ માટે, રાજપત્રમાં જાહેરનામાથી, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે, જરૂર હોય તેટલાં ખાસ ન્યાયાલયો રચી શકશે.

(૨) ખાસ ન્યાયાલય એક જ ન્યાયાધીશનું બનેલું રહેશે, જેની નિમણૂક રાજય સરકારની વિનંતિથી ઉચ્ચ ન્યાયાલય કરશે.

**સ્પષ્ટીકરણ.**—આ પેટા-કલમમાં, "નિમણૂક" એ શબ્દનો અર્થ, અધિનિયમની કલમ ૯ના સ્પષ્ટીકરણમાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(૩) કોઈ વ્યકિત—

(ક) ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે લાયક ન હોય; અથવા

(ખ) તે, એક વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી, સેશન્સ ન્યાયાધીશ અથવા અધિક સેશન્સ ન્યાયાધીશ તરીકે રહી ન હોય તો તે વ્યકિત, ખાસ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે લાયક ગણાશે **નહિ.**

**ખાસ ન્યાયાલયો દ્વારા ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેવા ગુનાઓ.**

૧૨-કક. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં,—

(ક) આ અધિનિયમ હેઠળના તમામ ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી, જે વિસ્તારમાં ગુનો થયો હોય તે વિસ્તાર માટે રચાયેલા ખાસ ન્યાયાલય દ્વારા જ અથવા જયાં આવા વિસ્તારો માટે એક કરતાં વધારે ખાસ ન્યાયાલયો હોય ત્યાં ઉચ્ચ ન્યાયાલય આ અર્થે નિર્દિષ્ટ કરે તેવાં ન્યાયાલયોમાંના એક ન્યાયાલય દ્વારા ચલાવી શકાશે;

(ખ) આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે આરોપી હોય અથવા ગુનો કર્યો હોવાની શંકા હોય તે વ્યકિતને અધિનિયમની કલમ ૧૬૭ની પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૨ક) હેઠળ મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલવામાં આવે ત્યારે એવો મેજિસ્ટ્રેટ, જો ન્યાયિક મેજિસ્ટ્રેટ હોય તો બધું મળીને પંદર દિવસથી વધારે ન હોય અને જો તે એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટ હોય તો બધું મળીને સાત દિવસથી વધારે ન હોય તેટલી મુદત સુધી પોતાને યોગ્ય લાગે તેવી કસ્ટડીમાં તેવી વ્યકિતને અટકાયતમાં રાખવાનો અધિકાર આપી શકશે:

પરંતુ એવા મેજિસ્ટ્રેટને—

(૧) એવી વ્યકિતને ઉપર કહ્યા પ્રમાણે તેની સમક્ષ મોકલવામાં આવે ત્યારે; અથવા

(૨) તેણે અધિકાર આપેલ અટકાયતની મુદત પૂરી થયે અથવા તે પૂરી થાય તે પહેલાં કોઈપણ સમયે,

એમ લાગે કે તે વ્યકિતને અટકાયતમાં રાખવાનું બિનજરૂરી છે તો તે, જો તેને એવી ખાતરી થાય કે તે બાબત કલમ ૮ના પરંતુક હેઠળ આવે છે તો, એવી વ્યકિતને જામીન ઉપર છોડવાનો હુકમ કરી શકશે અને જો તેને એવી ખાતરી ન થાય તો, તે એવી વ્યકિતને હકૂમત ધરાવતા ખાસ ન્યાયાલય-સમક્ષ મોકલવાનો હુકમ કરશે.

(ગ) ખાસ ન્યાયાલય, આ પેટા-કલમના ખંડ (ઘ)ની જોગવાઈઓને અધીન રહીને, ખંડ (ખ) હેઠળ પોતાની સમક્ષ મોકલાવેલ વ્યકિતના સંબંધમાં, કેસની ઈન્સાફી કાર્યવાહી કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ, અધિનિયમની કલમ ૧૯૭ હેઠળ જે સત્તા આરોપી વ્યકિતના સંબંધમાં વાપરી શકે તે જ સત્તા તે કલમ હેઠળ, તેની સમક્ષ મોકલાવેલ વ્યકિતના કેસમાં વાપરી શકશે.

(ઘ) ઉપર કહ્યા પ્રમાણે હોય તે સિવાય, આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે આરોપી હોય અથવા ગુનો કર્યો હોવાની શંકા હોય તે વ્યકિતને ખાસ ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલય સિવાય કોઈપણ ન્યાયાલય જામીન ઉપર છોડી શકશે નહિ :

પરંતુ ખાસ ન્યાયાલય,—

(૧) કારણોની લેખિત નોંધ કરીને, ખાસ ન્યાયાલયનો એવો અભિપ્રાય થાય કે આવી મુકિત માટેની અરજીનો વિરોધ કરવાની તક ફરિયાદ પક્ષને આપવાનું વ્યવહાર્ય નથી તો આવી તક આપ્યા વિના, અને

(૨) જો ખાસ ન્યાયાલયને એવી ખાતરી થાય કે તે સંબંધિત ગુના માટે ગુનેગાર છે એમ માનવા માટે વાજબી કારણો છે, તો ફરિયાદ પક્ષ અરજીનો વિરોધ કરે ત્યારે,

એવી વ્યકિતને જામીન ઉપર છોડી શકશે નહિ:

વધુમાં, ખાસ ન્યાયાલય આદેશ કરી શકશે કે એવી વ્યકિત, જો તે સોળ વર્ષની અંદરની ઉંમરની હોય અથવા સ્ત્રી હોય અથવા તે માંદી અથવા અશકત વ્યકિત હોય અથવા ખાસ ન્યાયાલયને એવી ખાતરી થાય કે લેખિત નોંધવાના બીજા કોઈ ખાસ કારણસર તેમ કરવાનું જરૂરી છે, તો તેને જામીન ઉપર છોડી શકશે.

(ચ) ખાસ ન્યાયાલય, આ અધિનિયમ હેઠળ ગુનો બનતી હકીકતોનો પોલીસ અહેવાલ વાંચ્યા પછી આરોપીને તે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી માટે તેની સમક્ષ મોકલ્યા વિના તે ગુનાની વિચારણા કરી શકશે.

(છ) આ અધિનિયમ હેઠળના તમામ ગુનાઓની સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવશે અને અધિનિયમની કલમો ૨૬૨ થી ૨૬૫ (બંને સહિત) ની જોગવાઈઓ, આવી ઈન્સાફી કાર્યવાહીને, શકય હોય તેટલે સુધી લાગુ પડશે:

પરંતુ આ કલમ હેઠળની કોઈ સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ ગુનાસાબિતીના દાખલામાં, ખાસ ન્યાયાલય બે વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધીની કેદની સજા કરે તો તે કાયદેસર ગણાશે.

(૨) આ અધિનિયમ હેઠળના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરતી વખતે, ખાસ ન્યાયાલય, આ અધિનિયમ હેઠળના ગુના સિવાયના જે ગુના માટે અધિનિયમ હેઠળ આરોપી ઉપર તેજ ઈન્સાફી કાર્યવાહી વખતે આરોપ મૂકવામાં આવે તે ગુનાની ઈન્સાફી કાર્યવાહી પણ કરી શકશે :

પરંતુ આવો બીજો ગુનો, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેવો હોવો જોઈશે:

વધુમાં, આવી ઈન્સાફી કાર્યવાહીમાં, એવા બીજા ગુના માટેની ગુના-સાબિતીના કિસ્સામાં ખાસ ન્યાયાલય એવા બીજા કાયદા હેઠળ સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીમાં ગુના-સાબિતી માટે ઠરાવેલી મુદત કરતાં વધારે મુદત સુધીની કેદની સજા કરે તો તે કાયદેસર ગણાશે નહિ.

(૩) કોઈ ગુનામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંડોવાયેલ હોવાની અથવા સોબતી હોવાની જેના ઉપર શંકા હોય તેવી કોઈ વ્યકિતનો પુરાવો મેળવવાના હેતુથી, ખાસ ન્યાયાલય, એવી વ્યકિતને એ શરતે માફી આપી શકશે કે તેણે, તે ગુનાને લગતી અને તે ગુનો કરવામાં મુખ્ય ગુનેગાર અથવા મદદગાર તરીકે સંડોવાયેલ અન્ય દરેક વ્યકિતને લગતા તેની જાણમાં હોય તે તમામ સંજોગોની પૂરી અને ખરી જાહેરાત કરવી અને એ રીતે આપેલી કોઈ માફી, અધિનિયમની કલમ ૩૦૮ના હેતુઓ માટે, તેની કલમ ૩૦૭ હેઠળ આપવામાં આવી હોય એમ ગણાશે.

(૪) આ કલમમાંના કોઈપણ મજકૂરથી અધિનિયમની કલમ ૪૩૯ હેઠળ જામીન સંબંધી ઉચ્ચ ન્યાયાલયની ખાસ સત્તાઓને બાધ આવે છે એમ ગણાશે નહિ અને ઉચ્ચ ન્યાયાલય, એવી સત્તાઓ તે કલમની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળની સત્તા સહિત જાણે કે તે કલમમાં "મેજિસ્ટ્રેટ" ના ઉલ્લેખમાં કલમ ૧૨-ક હેઠળ રચાયેલ "ખાસ ન્યાયાલય"ના ઉલ્લેખનો પણ સમાવેશ થયેલો હોય તેમ વાપરી શકશે.

**અપીલ અને ફેરતપાસ.**

**૧૨--કખ.** ઉચ્ચ ન્યાયાલયની હકૂમતની સ્થાનિક હદમાંનું ખાસ ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલયની હકૂમતની સ્થાનિક હદમાંના કેસોની ઈન્સાફી કાર્યવાહી કરતું સેશન્સ ન્યાયાલય હોય તેમ ઉચ્ચ ન્યાયાલયને અધિનિયમનાં પ્રકરણો ૨૯ અને ૩૦ થી મળેલી તમામ સત્તાઓ લાગુ પડવા જોગ હોય તેટલે સુધી, ઉચ્ચ ન્યાયાલય વાપરી શકશે.

**ખાસ ન્યાયાલય સમક્ષની કાર્યવાહીને અધિનિની લાગુ પાડવા બાબત.**

**૧૨--કગ.** આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, (જામીન અને બોન્ડને લગતી જોગવાઈઓ સહિત) અધિનિયમની જોગવાઈઓ ખાસ ન્યાયાલય સમક્ષની કાર્યવાહીને લાગુ પડશે અને સદરહુ જોગવાઈઓના હેતુઓ માટે, ખાસ ન્યાયાલય, સેશન્સ ન્યાયાલય ગણાશે અને ખાસ ન્યાયાલય સમક્ષ ફોજદારી કામ ચલાવતી વ્યકિત, પબ્લિક પ્રોસિક્યુટર ગણાશે.

**દીવાની ન્યાયાલયોએ મનાઈ હુકમ વગેરે, આપવા બાબત.**

૧૨-ખ. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ હુકમ મુજબ કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે અથવા પોતાના હોદ્દાની હેસિયતથી જાહેર અધિકારીએ કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય સંબંધી એ સરકાર અથવા એ અધિકારીને મનાઈહુકમ અથવા બીજી કોઈ રાહત માટેની અરજીની નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી, કોઈપણ દીવાની ન્યાયાલયથી, તે સરકાર અથવા અધિકારી સામે મનાઈહુકમ આપી શકાશે નહિ અથવા બીજી રાહત માટેનો કોઈ હુકમ કરી શકાશે નહિ.

**હુકમો વિષે માની લેવાની બાબત.**

૧૩. આ અધિનિયમથી અથવા તે હેઠળ આપેલી સત્તા વાપરીને કોઈ સત્તાધિકારીએ હુકમ કરી તેના ઉપર સહી કરી હોવાનું અભિપ્રેત થતું હોય ત્યારે, તે સત્તાધિકારીએ તેવો હુકમ કર્યો છે એમ "ભારત પુરાવા અધિનિયમ, ૧૮૭૨"ના અર્થ મુજબ ન્યાયાલય માની લેશે. **સન ૧૮૭૨ નો ૧લો.**

**અમુક બાબતોમાં સાબિતીનો બોજો.**

૧૪. કાયદેસર અધિકાર વિના કે પરમિટ, લાઈસન્સ અથવા બીજા કોઈ દસ્તાવેજ વિના, કોઈ વ્યકિતને કોઈ કાર્ય કરવાની અથવા કોઈ વસ્તુ પોતાના કબજામાં રાખવાની મના કરતા, કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમના ઉલ્લંઘન માટે તેના ઉપર ફોજદારી કામ ચલાવવામાં આવે ત્યારે, પોતાને એવો અધિકાર છે અથવા પોતાની પાસે પરમિટ, લાઈસન્સ અથવા બીજા દસ્તાવેજ છે એમ સાબિત કરવાનો બોજો તે વ્યકિત ઉપર રહેશે.

**અધિનિયમ હેઠળ લીધેલાં પગલાં માટે રક્ષણ.**

૧૫. (૧) કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે કોઈ વ્યકિત સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ.

(૨) કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યથી થયેલા અથવા થાય તેમ હોય તેવા કોઈ નુકસાન માટે સરકાર સામે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ.

**રાજ્ય સેવકો ઉપર ફોજદારી કામ ચલાવવા બાબત.**

૧૫-ક. રાજ્ય સેવક હોય તેવી કોઈ વ્યકિત ઉપર કલમ ૩ હેઠળ કરેલા કોઈ હુકમ અનુસાર પોતાની ફરજ બજાવતાં અથવા તેવું અભિપ્રેત હોય તેવું કાર્ય કરતાં કહેવાતો કોઈ ગુનો કર્યો હોવાનો આરોપ હોય ત્યારે, કોઈ ન્યાયાલયથી—

(ક) સંઘના કામકાજ અંગે યથાપ્રસંગ, નોકરીમાં રખાયેલ અથવા કહેવાતો ગુનો કરાયો તે વખતે નોકરીમાં રાખવામાં આવેલ કોઈ વ્યકિતની બાબતમાં, કેન્દ્ર સરકારની;

(ખ) રાજ્યના કામકાજ અંગે, યથાપ્રસંગ, નોકરીમાં રખાયેલ અથવા કહેવાતો ગુનો કરાયો તે વખતે નોકરીમાં રાખવામાં આવેલ કોઈ વ્યકિતની બાબતમાં, રાજ્ય સરકારની,

પૂર્વમંજૂરી સિવાય, એવા ગુનાની વિચારણા કરી શકાશે નહિ.

**રદ કરવા બાબત અને અપવાદ.**

૧૬. (૧) નીચેના કાયદા આથી રદ કરવામાં આવે છે:—

(ક) "આવશ્યક ચીજ-વસ્તુ વટહુકમ, ૧૯૫૫".

(ખ) આ અધિનિયમના આરંભની તરત પહેલાં કોઈ રાજ્યમાં અમલમાં હોય તેવો બીજો કોઈ કાયદો, જેટલે અંશે કોઈ આવશ્યક ચીજ-વસ્તુનાં ઉત્પાદન, પુરવઠા અને વહેંચણી તેમજ તેના વેપાર અને વાણિજ્ય ઉપર નિયંત્રણ મૂકતો હોય અથવા નિયંત્રણ મૂકવાનું અધિકૃત કરતો હોય તેટલે અંશે, તે કાયદો. **સન ૧૯૫૫ નો ૧લો.**

(૨) એ રીતે કાયદા રદ કરવામાં આવ્યા છતાં, રદ કરવામાં આવેલા કોઈપણ કાયદા હેઠળ ગમે તે સત્તાધિકારીએ કરેલો અથવા કરેલો હોવાનું ગણાતો અને આ અધિનિયમના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવો કોઈ હુકમ, આ અધિનિયમ હેઠળ કરી શકાય તેટલે અંશે, આ અધિનિયમ હેઠળ કરવામાં આવ્યો છે એમ ગણાશે અને તે અમલમાં ચાલુ રહેશે અને તદનુસાર એવા કોઈ હુકમ હેઠળ કરેલી નિમણુંક, આપેલું લાઈસન્સ, પરમિટ અથવા બહાર પાડેલા અને આવા આરંભની તરત પહેલાં અમલમાં હોય તે આદેશ, આ અધિનિયમ હેઠળ કરેલી કોઈ નિમણુકથી, આપેલા કોઈ લાઈસન્સ કે પરમિટથી અથવા બહાર પાડેલા આદેશથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી અને તે સિવાય, અમલમાં ચાલુ રહેશે.

(૩) પેટા-કલમ (૨) ની જોગવાઈઓથી 'સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૯૭' ની કલમ ૬ની જોગવાઈઓને બાધ આવશે નહિ અને તે જોગવાઈઓ પણ પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલો વટહુકમ અથવા બીજો કાયદો રદ કરવાની બાબતમાં, જાણે તે વટહુકમ અથવા બીજો કાયદો કોઈ અધિનિયમ હોય તેમ લાગુ પડશે. **સન ૧૮૯૭ નો ૧૦મો.**

આર. વેંકટ સૂર્ય પેરિશાસ્ત્રી,
સચિવ, ભારત સરકાર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.